| હવામાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૯.૦° સે. | ૨૪.૦° સે. |
| બારડોલી | ૩૬.૦° સે. | ૨૧.૦° સે. |
| ભરૂચ | ૩૯.૦° સે. | ૨૪.૦° સે. |
| વ્યારા | ૩૬.૦° સે. | ૨૧.૦° સે. |

# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪



# સુરત જિલ્લામાં નશાનો કારોબાર

**સાયણમાંથી** ૧.૯૭૨ કિલો ગાંજા સાથે એક યુપીવાસી ઝડપાયો

**ઓલપાડ** પોલીસે આરોપી પાસેથી ગાંજા સહિત ૧,૦૩,૨૭૦નો મુદ્દામાલ કબજે કર્યો







(એઆઇ ઇમેજ)

## સુરત જિલ્લામાં માદક પદાર્થના મોટા કેસ

**2025:** સુરત ગ્રામ્ય પોલીસે વલથાણ નજીક ટ્રકમાંથી 747 કિલો ગાંજો જપ્ત કર્યો અને બે આરોપીઓની ધરપકડ કરી હતી.

**2021:** કોસંબા પોલીસ સ્ટેશન, સુરત ગ્રામ્યમાં નોંધાયેલા એક NDPS કેસમાં 814 કિલો ગાંજો જપ્ત થયો હતો

સાયણ: ઓલપાડ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ધનશ્યામસિંહ હરીસિંહ પઢીયાર બાતમી મળી હતી કે સાયણ ગામના મોટા હળપતિવાસ જલારામ ફળિયામાં, ટીનુબેન મનહરભાઈ રાઠોડના મકાનમાં રહેતા રામેશ્વર સિયમ્બર વિશ્વકર્મા પોતાના મળતિયા માણસો થકી ગાંજો મંગાવી છૂટક વેચાણ કરે છે ખાનગી બાતમી ના આધારે તા. ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૨૫ વાગ્યાના અરસામાં પોલીસે બાતમી સ્થળ પર રેઈડ કરી હતી મકાનમાં તપાસ કરતા રામેશ્વર સિયમ્બર વિશ્વકર્મા (ઉ.વ. ૩૬, ધંધો-મજૂરી મૂળ રહે. પટ્ટી શાહ ગાંવ, પોસ્ટ-હાદગાંવ, થાના-હાદગાંવ, જિલ્લો-ફતેહપુર, ઉત્તરપ્રદેશ)ને પકડી લેવામાં આવ્યો હતો. તેના મકાનમાં તપાસ કરતાં રૂપિયા ૯૮,૬૦૦ની કિંમતનો ૧.૯૭૨ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી એક મોબાઈલ ફોન કિં.રૂ. ૩,૦૦૦ અને રોકડા રૂ. ૧,૬૭૦ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ્લે રૂ. ૧,૦૩,૨૭૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આરોપીની પ્રાથમિક પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે, છેલ્લા બે માસથી સુરત કતારગામ પટરી ખાતેથી એક અજાણ્યા ઈસમ પાસેથી થોડો થોડો ગાંજો લાવી નાની નાની પડીકી બનાવી છુટકમાં વેચાણ કરતો હતો.

ઓલપાડ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પો.સબ ઈન્સ્પેક્ટર શિવાબેન જેવતભાઈ ચૌધરી કરી રહ્યા છે ફરાર અજાણ્યા ઈસમ શોધખોળ ચાલુ છે.


ફાઇલ ફોટો

## વરાડ ગામે બાઇક અડફેટે એકનું મોત

બારડોલી: બારડોલીના વરાડથી મોતા જતા માર્ગ પર ૨૯ સપ્ટેમ્બરે રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગામના વિજુભાઈ હળપતિ અને મંગુભાઈ ચૌધરી ચાલવા નીકળ્યા હતા. ત્યારે પાછળથી પૂરઝડપે આવેલી બાઇક નં.(GJ-19-BH-8809)ના ચાલક સુમિતભાઈ હળપતિએ બંનેને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બંને ઇજાગ્રસ્તને ૧૦૮ મારફતે બારડોલી સરદાર સ્મારક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન વિજુભાઈ હળપતિનું મોત નીપજ્યું હતું, જ્યારે મંગુભાઈ ચૌધરી સારવાર હેઠળ છે. આ બનાવ અંગે મૃતકની પત્ની લતાબેનની ફરિયાદ આધારે બારડોલી પોલીસે બાઇક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાંધીએરની બી.આર.પરમાર હાઈસ્કૂલનું ગૌરવ


જયેશ પટેલ

સાયણ: ઓલપાડના સાંધીએર ગામ સ્થિત બી.આર.પરમાર વિદ્યાસંકુલના બાળ વૈજ્ઞાનિકોએ વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં શાનદાર સિદ્ધિ મેળવી છે. શાળા વિકાસ સંકુલ-૧૦ (નર્મદા) કક્ષાએ ધો.૯ની વિજ્ઞાની પ્રિયંકા બાંભણીયા અને જાનવી કંથારીયાએ 'બાયોડીગ્રેડેબલ સેનેટરી પેડ્સ અને ડાયપર' કૃતિ રજૂ કરી ત્રીજો ક્રમ મેળવ્યો હતો. ઉપરાંત, ક્લસ્ટર કક્ષાએ આ જ કૃતિ તેમજ 'વૈદિક ગણિતથી એલ.સી.એમ.' મોડેલે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. શાળા પરિવારે તમામ વિજેતાઓ અને માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યાં હતાં.

### નિઝર તાલુકામાં સર્પ રેસ્ક્યુઅરોની સરાહનીય કામગીરી



કુકરમુંડા: નિઝર તાલુકાના વિવિધ રહેણાક વિસ્તારોમાં સાપ દેખાતાં સ્થાનિક સ્નેક રેસ્ક્યુઅરો દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. સ્નેક રેસ્ક્યુઅર દિલીપ પાડવીએ અલગ-અલગ સ્થળેથી ૫ નાગ, ૧ ધામણ, ૧ રૂપસુંદરી સાપ અને ૧ મોનિટર લિઝર્ડ (ઘો) નું સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું. ઉપરાંત, કાવઠા ગામેથી રેસ્ક્યુઅર વિશાલ પાડવીએ ૧ નાગને સફળતાપૂર્વક પકડ્યો હતો. તમામ પકડાયેલા સર્પો અને વન્યજીવોને માનવ વસાહતથી દૂર તેમના કુદરતી રહેઠાણમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યા હતા.

### ચુનાવાડીમાં પારંપરિક બોળાવો પૂજા વિધિ યોજાઇ



વ્યારા: આદિવાસી સમુદાય એ પ્રકૃતિ સાથેનો સીધો અને અતૂટ નાતો ધરાવે છે. આ જ પરંપરાના ભાગરૂપે તાજેતરમાં ડોલવણના ચુનાવાડી ગામે બોળાવો પૂજા કરવામાં આવી હતી. પ્રકૃતિ સાથે સુમેળ સાધવા અને નકારાત્મક ઉર્જાનો નાશ કરવાના આશયથી ચુનાવાડી ગામે પારંપરિક બોળાવો પૂજા કરવામાં આવી હતી. આદિવાસી સંસ્કૃતિમાં બોળાવો કાઢવો એ કોઈ સામાન્ય વિધિ નથી, પરંતુ ગામની સુરક્ષા, સુખાકારી અને સકારાત્મક ઊર્જાના સંચાર માટે પવિત્ર પૂજા માનવામાં આવે છે.

### સોનગઢના રંગ ઉપવન ખાતે 12મા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



સોનગઢ: સોનગઢના રંગઉપવન ખાતે ૧૨મા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજયકક્ષાના મંત્રી જયરામભાઈ ગામીત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ આંગણવાડી, આરોગ્ય, ડીજીવીસીએલ અને મહેસૂલ શાખા સહિતના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ કાર્યક્રમમાં તેમના હસ્તે વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સોનગઢ નગરપાલિકા પ્રમુખ પાલિકા સભ્યો તેમજ ચીફ ઓફિસર સહદેવસિંહ વનાર, નિખિલભાઈ શેઠ સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### નાની નરોલીની ભવન્સ GIPCL એકેડમીમાં 'ઇન્વેસ્ટીચર સેરેમની' ઉજવાઈ


વિનોદ મૈસુરીયા

વાંકલ: ભારતીય વિદ્યા ભવન્સ જી.આઈ.પી.સી.એલ. એકેડમી ખાતે શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટે વિદ્યાર્થી પરિષદ શપથ ગ્રહણ સમારોહ ('ઇન્વેસ્ટીચર સેરેમની') ભવ્ય રીતે યોજાયો હતો. આચાર્ય વૈભવ અગ્રવાલ અને સેક્રેટરી સંજય.જે.પરમાણીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રખ્યાત સમાજસેવક અને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ ધારક ડો. મહેશભાઈ સવાણી મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. આ પ્રસંગે CBSE ક્લસ્ટર XIII બેડમિન્ટન ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતનાર શાળાના ખેલાડીઓ ઝેનબ સિદાત, અંશિકા સિંહા અને શિક્ષા પરાશરનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

### અંકલેશ્વર-હાંસોટ રોડ પર ઇકો કાર પલટી


સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર-હાંસોટ રોડ પર કડકિયા કોલેજ નજીક ગુરુવારે એક ઇકો કાર અચાનક રોડની સાઇડમાં પલટી ખાઇ જતાં ઘટના સ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતમાં ચાલક કારમાં ફસાઇ ગયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. રેસ્ક્યુ કામગીરી હાથ ધરી કારમાં ફસાયેલા ચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, કારને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### તરસાડી રોડ ઉપર ઢોરને બચાવવા જતાં આઇસર ટેમ્પો પલટી મારી ગયો


ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડા-તરસાડી રોડ પર રાત્રિના સમયે રખડતાં ઢોરને બચાવવા જતાં એક આઇસર ટેમ્પોના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટેમ્પો પલટી ગયો હતો. સદ્નસીબે કોઈ જાનહાનિ કે મોટું નુકસાન ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. છેલ્લા કેટલાક સમયથી તરસાડી પંથકના તમામ જાહેર માર્ગો પર રખડતાં ઢોરનો ઉપદ્રવ ફરી વધતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. જેથી જવાબદાર તંત્રના અધિકારીઓ આ અંગે યોગ્ય અને કડક પગલાં ભરે તેવી સ્થાનિક જનતા માંગ કરી રહી છે.

### પીપોદરા નજીક બાઇક સ્લિપ થતાં એકનું મોત


ઈબ્રાહીમ કાનુ

હથોડા: પીપોદરા નજીક હાઇવે પર રાત્રિના સમયે બાઈક સ્લિપ થઈ જતાં ગંભીર ઈજાઓને કારણે ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા સવારને ઈજા પહોંચતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ પાલોદ પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી છે. મૃતક અને ઈજાગ્રસ્તની ઓળખ મેળવવા તપાસ ચાલુ છે.

### મોટી ખેરવાણનો ગુમ યુવાન મળી આવ્યો

વ્યારા: ઉકાઈ તાલુકાના મોટી ખેરવાણ ગામનો ૧૮ વર્ષીય યુવક આરિયાનકુમાર અનિલભાઈ ગામીત ગત ૨૫ સપ્ટેમ્બરે પોતાની મોપેડ નં.(GJ 26 AF 4381) લઈને ફરવા જવાનું કહી નીકળ્યા બાદ અચાનક ગુમ થયો હતો. પરિવારે શોધખોળ હાથ ધર્યા બાદ પરત ન ફરતાં માતા મમતાબેને ૩૦ સપ્ટેમ્બરે ઉકાઈ પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા યુવક સોનગઢથી મળી આવતાં પરિવારે રાહત અનુભવી હતી.

### પારડી ભાદોલી ગામે યુવકનું અચાનક મોત

કીમ: ઓલપાડના પારડી ભાદોલી ગામે નવા હળપતિવાસમાં રહેતા ૧૯ વર્ષીય વિપુલ સંજયભાઈ રાઠોડનું અચાનક મોત થતાં અરેરાટી વ્યાપી ગઈ છે. ૩૦ સપ્ટેમ્બરની રાત્રે ઘર સામે હોન્ડા મોટરસાઇકલ નં.(GJ-05-NT-2573) પાર્ક કરતી વખતે વિપુલ અચાનક બાઇક સાથે જમીન પર ઢળી પડ્યો હતો. બહેન વંશિકાએ પરિવારજનોને જાણ કરતાં તેને તાત્કાલિક સાધના હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના સંદર્ભે કીમ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### વ્યારાના રૂપવાડા ગામમાં દીપડાએ વાછરડી અને પાડિયાનો શિકાર કર્યો

વ્યારા: વ્યારાના રૂપવાડા ગામે ગાંધી ફળિયામાં ગત રાત્રે ત્રણ વાગ્યાના સુમારે દીપડાએ તબેલામાં ઘૂસી એક ગાયની વાછરડી અને એક ભેંસના પાડિયાને શિકાર કર્યો હતો. જેને કારણે આસપાસના વિસ્તારમાં લોકોમાં ગભરાટ વ્યાપી ગયો છે. આ બનાવ અંગે પશુપાલક સરમુખ ચૌધરી દ્વારા વ્યારા વન વિભાગને જાણ કરાતાં વનકર્મીઓએ દીપડાને પાંજરે પૂરવાની કવાયત હાથ ધરી છે.

### ભરૂચ જિલ્લામાં પોલીસ ઇન્સ્પેક્ટર્સની બદલી

ભરૂચ: ભરૂચ જિલ્લાના મહત્ત્વનાં પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેક્ટર્સની બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડાના આદેશ અનુસાર ભરૂચ શહેરના એ ડિવિઝન પોલીસ મથકના PI આર.એમ.વસાવાની બદલી અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે. ઉપરાંત સાયબર પોલીસ ક્રાઈમમાં ફરજ બજાવતા PI કે.ડી.માંગરોલિયાને બદલી કરીને ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકમાં તૈનાત કરવામાં આવ્યા છે. બદલીના ભાગરૂપે બંને પોલીસ મથકો પર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

### અંકલેશ્વરમાં સ્વચ્છતા હી સેવા અભિયાનની ઉજવણી કરાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર નગર સેવા સદન દ્વારા માં શારદા ભવન ટાઉન હોલ ખાતે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના 25 વર્ષની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ કાર્યક્રમમાં આગેવાનો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જંબુસરમાં અકસ્માત થતાં આંગણવાડી વર્કરનું મોત

ભરૂચ: જંબુસર નગરમાં બેન્ક ઓફ બરોડા નજીક મોપેડ અને ટેમ્પો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મોપેડ સવાર મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક મહિલાની ઓળખ શ્વેતાબેન સંજયસિંહ યાદવ તરીકે થઈ છે. શ્વેતાબેન જંબુસરના કાવા ગામે આંગણવાડી વર્કર તરીકે ફરજ બજાવતાં હતાં. અકસ્માતની ઘટના બનતાં જ આસપાસના લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. બનાવની જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને કબજામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર અકસ્માત અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# મઢી સુરાલીમાં ડ્રેસ સિવડાવવા માટે ગયેલી શિક્ષિકાની દરજીએ છેડતી કરી

**છેડતીની** જાણ થતાં ગ્રામજનોમાં આક્રોશ

**સ્થિતિ** વણસે એ પહેલાં પોલીસે બંદોબસ્ત ગોઠવ્યો

**રાજસ્થાની** દરજી દિનેશની ધરપકડ

બારડોલી: બારડોલીના મઢી સુરાલી ગામે ડ્રેસ સિવડાવવા માટે ગયેલી યુવતી સાથે દરજીએ છેડતી કરી હોવાની હકીકત સામે આવી છે. પોલીસે આરોપી દરજી વિરુદ્ધ છેડતી અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આદિવાસી સમાજની શિક્ષિકાની છેડતી થઈ હોવાનો સંદેશ વાયુવેગે ફેલાતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો.

બારડોલીના મઢી સુરાલી ગામે આવેલા ડાહ્યા દાદા કોમ્પ્લેક્સમાં દરજીની દુકાન ધરાવતા મૂળ રાજસ્થાનના દિનેશ રાવતાભાઈ દરજીને ત્યાં બુધવારો એક 34 વર્ષીય શિક્ષિકા ડ્રેસ સીવડાવવા માટે આવી હતી. દરમિયાન દરજીએ માપ લેતી વખતે તેની છેડતી કરી હતી. યુવતીએ આ વાત તેના પરિવારજનોને કરતાં પરિવારજનોએ પોલીસને જાણ કરતાં પોલીસ સ્થળ પર દોડી આવી હતી. દિનેશ રાવતાએ આદિવાસી યુવતી સાથે માપ લેવાના બહાને બીભત્સ હરકત કરી હતી. આથી ગ્રામજનો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતા. જોકે, પોલીસે સમયસૂચકતા વાપરી પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. મઢી ગામમાં બનેલી ઘટનાને લઈને આજુબાજુના આદિવાસી સમાજના લોકોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો અને આરોપી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ગુરુવારના રોજ બારડોલી ડીવાયએસપી સહિતની ટીમ સ્થળ પર પહોંચી અને પંચકયાસ કર્યો હતો તેમજ સ્થિતિ વણસે નહીં એ માટે પોલીસ બંદોબસ્ત મૂકી દેવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે કોમ્પ્લેક્સની કેટલીક દુકાનો પણ બંધ રહી હતી. પોલીસે આરોપી યુવક દિનેશ દરજીની ધરપકડ કરી છે અને તેની સામે છેડતી તેમજ એટ્રોસિટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉમરાખની દ્વારિકા સોસાયટીમાં હથિયારધારી તસ્કરો ફરતાં ભય

**તસ્કરોની** બેખોફ હિલચાલ સીસીટીવી કેમેરામાં કેદ



બારડોલી: બારડોલીના ઉમરાખ ગામે આવેલી દ્વારિકા સોસાયટી સહિત આસપાસના વિસ્તારોમાં રાત્રિના સમયે હથિયારધારી તસ્કરો ખુલ્લેઆમ ફરી રહ્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોસાયટીઓમાં તસ્કરોની બેખોફ હિલચાલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, અને આ વિડીયો વાઈરલ થતાં સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ અને રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અગાઉ પણ ગ્રામ્ય વિસ્તારો અને સોસાયટીઓમાં ચોરીની ઘટનાઓ બની ચૂકી છે, ત્યારે હવે તસ્કરો સીધા હથિયારો સાથે નજરે પડતા લોકોની ચિંતામાં વધારો થયો છે. રાત્રિના સમયે અજાણ્યા શખ્સો હથિયારો સજ્જ થઈને રેકી કરી રહ્યા હોવાથી નાગરિકોમાં સુરક્ષાને લઈને ડરનો માહોલ ઊભો થયો છે.

ઘટનાને પગલે સ્થાનિક રહીશો દ્વારા પોલીસ પ્રશાસન સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે રાત્રિ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવામાં આવે અને અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

## બારડોલી સુગર ફેક્ટરી નજીકની રેલવે ફાટક 5 ઓક્ટોબર સુધી બંધ

બારડોલી: બારડોલી રેલવે વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી સૂચના અનુસાર, બારડોલી સુગર ફેક્ટરી પાસે આવેલી રેલવે ફાટક નંબર એલસી ૨૪ (LC 24) આજથી એટલે કે ૧ ઓક્ટોબર સવારના ૧૦ વાગ્યાથી આગામી ૫ ઓક્ટોબરના સાંજના ૬ વાગ્યા સુધી વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રહેશે. રેલવે ટ્રેક અને ફાટકના મરામત કામકાજના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચાર દિવસ સુધી ચાલનાર આ કામગીરી દરમિયાન વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે રેલવે તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

## અંકલેશ્વરમાં કરંટ લાગતાં યુવકનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વર GIDC સ્થિત જોગર્સ પાર્ક પાસે આવેલા ન્યૂ ઈન્ડિયા માર્કેટની મેઘા ટ્રેડર્સમાં કામકાજ દરમિયાન ડેડિયાપાડાના રાકેશ વસાવા (ઉં.વ.૨૬) નામના યુવકનું મોત નિપજ્યું છે. લોખંડનું પીંજરું ઈલેક્ટ્રિક વાયરને અડી જતાં વીજ પ્રવાહ ઊતરતાં રાકેશને કરંટ લાગ્યો હતો. હોસ્પિટલ ખસેડાતાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આંબાવાડી ગામે દીપડાનો આતંક

**ગ્રામજનો** દ્વારા પાંજરું મૂકવા માંગ

વાંકલ: માંગરોળના આંબાવાડી ગામે રાત્રિના સમયે દીપડાની અવરજવર વધી જતાં ગ્રામજનોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા બે-ત્રણ દિવસ દરમિયાન આંબાવાડી ગામના મસ્જિદ ફળિયામાં દીપડાએ ચાર જેટલાં મરઘાંનો શિકાર કર્યો છે. મળતી માહિતી મુજબ, મસ્જિદ ફળિયામાં રહેતા ગફારભાઈ અને ફારૂકભાઈના ઘરની પાછળના ભાગે આવેલા ઝાડ પર બેઠેલાં મરઘાં પર દીપડાએ ત્રાટકી તેનું મારણ કર્યું હતું. સળંગ બેથી ત્રણ દિવસથી અંધારામાં દીપડો મરઘાંનો શિકાર કરી જતો હોવાથી સ્થાનિક રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગામના રહેણાક વિસ્તારમાં દીપડા ની સક્રિયતા વધી જતાં રાત્રિના સમયે બહાર નીકળવું પણ જોખમી બન્યું છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને વન વિભાગ તાત્કાલિક ધોરણે આ વિસ્તારમાં પાંજરું ગોઠવી દીપડાને પાંજરે પૂરે એવી માંગ આંબાવાડીના ગ્રામજનો કરી રહ્યા છે.

મહે.કઠોરના અધીક સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા, મુ.કઠોર, તા.કામરેજ, જી.સુરત.

વારસા પરચુરણ અરજીનંબર - ૧૮/૨૦૨૬
આંક - ૦૫

અરજદાર : - શેતલભાઇ ગીરીશભાઈ ભક્ત

વિરુદ્ધ

સામાવાળા : - કોઈ નથી.

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનુ કે ઉપરોક્ત અરજીના અરજદાર તરફથી મર્હુમ ગિરીશભાઇ જેકીશનભાઇ ભક્ત તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ અવસાન થયેલુ હોય વારસા અરજીમા જણાંવ્યા મુજબ મર્હુમ ગિરીશભાઇ જેકીશનભાઇ ભક્તનાઓએ નીચે જણાવ્યા મુજબની સ્થાવર જંગમ મિલકતો માટે વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી દાંખલ કરેલી છે. સદર અરજીની સુનાવણી તા.૦૫/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. તો સદર અરજીની સામે જે કોઇ ઇસમને વાંધા-વિરોધ, લાગભાગ, હકક હીત, હીસ્સો કે દરદાવો કે તકરાર હોય તો તેમણે જાતે અગર તેમના વકીલ શ્રી મારફતે અત્રેની કોર્ટમા વાંધા સહીત અચુક હાજર રહેવુ. જોઇ કોઇ વ્યક્તિ તરફથી વાંધા તકરાર ઉઠાવવામાં નહી આવે તો કોઈ વ્યકતિને વાંધો નથી તેમ માનીને અરજદારને માંગ્યા મુજબનુ વારસા સર્ટીફીકેટ કાયદા અન્વયે આપવામાં આવશે જેની નોંધ લેશો.
આજ તારીખ ૦૧ મી ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યુ.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (એમ. બી. વઘાસિયા) | (એસ. બી. બલદાણીયા) | કોર્ટનો સિક્કો | (જે. એન. પટેલ) |
| આસિસ્ટન્ટ, | આસિસ્ટન્ટ, | | રજીસ્ટ્રાર, |
| સિવિલ કોર્ટ, કઠોર | સિવિલ કોર્ટ, કઠોર | | સિવિલ કોર્ટ, કઠોર. |

**કોસંબા ગ્રામ પંચાયત**

**કોસંબામાં કુતરા પકડવા અંગે જાહેરાત**

આથી કોસંબા ગામ પંચાયત દ્ધારા જણાવવામાં આવે છે કે, કોસંબા ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં રખડતા કુતરા પકડવાની કામગીરી કરવા ઇચ્છુક એન.જી.ઓ તથા ઇસમોએ કોસંબા ગામ પંચાયતનો સંપર્ક કરવો.

| ઉપસરપંચ | સરપંચ |
|---|---|
| કોસંબા ગ્રામ પંચાયત | કોસંબા ગ્રામ પંચાયત |
| મુ.પો.કોસંબા, તા.માંગરોલ, | મુ.પો. કોસંબા, તા.માંગરોલ, |
| જી.સુરત | જી.સુરત |


Milano MULTIPLEX

બારડોલી

Drishyam:The Conclusion
10:00am, 12:00pm,
01:00pm, 03:00pm,
04:00pm, 06:00pm,
07:00pm, 09:00pm,
09:30pm, 10:00pm

The Paradise - 11:00am

Prem Keetnu - 02:15pm

The Vvaan - 05:15pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


**કોસંબા ગ્રામ પંચાયત**

**જાહેર નીવિદા**

આથી હરાજીમાં ભાગ લેવા ઇચ્છુતા ઇસમોને જણાવવાનું કે, માંગરોળ તાલુકાની કોસંબા ગામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ કોસંબા - ૨ જર્જરીત આંગણવાડી મકાનની હરાજી તા.૦૭/૧૦/૨૦૨૬ બુધવાર ના સવારે ૧૧:૩૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી કોસંબા ખાતે રાખવામાં આવેલ છે. હરાજીની શરતો હરાજીના દિવસે ૧ કલાક પહેલા વાંચી સંભળાવવામાં આવશે ભાગ લેવા ઇચ્છતા ઇસમોએ આધારકાર્ડ સહિતના પુરાવા રજુ કરવાના રહેશે. હરાજી અંગેના સંપૂર્ણ અધિકાર કોસંબા ગ્રામ પંચાયતનો રહેશે.

| ઉપસરપંચ | સરપંચ |
|---|---|
| કોસંબા ગ્રામ પંચાયત | કોસંબા ગ્રામ પંચાયત |
| મુ.પો.કોસંબા, તા.માંગરોલ, | મુ.પો. કોસંબા, તા. માંગરોલ, |
| જી.સુરત | જી. સુરત |